# ગાંધીનગરના ત્રણ પ્રાઈમ લોકેશન પર બહારના બિલ્ડરોના ધામા, સ્કીમોની ભરમાર

## જૂના સેક્ટરોમાં બંગલા તૂટી એપાર્ટમેન્ટ થઇ રહ્યાં છે, ગુડા વિસ્તારમાં તેજીનો માહોલ છતાં સૌથી ઉંચા દામ ગિફ્ટસિટીની રેસિડેન્સિયલ સ્કીમોમાં જોવા મળે છે

ગાંધીનગર, તા. ૫

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પ્રોપર્ટી ખરીદવા માટે ત્રણ લોકેશન એવા છે કે જે રિયલ એસ્ટેટ સેક્ટરમાં પાવરફુલ બન્યાં છે. આ લોકેશન પર અમદાવાદ, મુંબઇ, દિલ્હી અને બેંગલુરૂના બિલ્ડરોની નજર પડી છે તેથી આ વિસ્તારમાં બંગલો કે ફલેટ લેવો આસાન રહ્યો નથી. બીજી તરફ ગાંધીનગરના સેક્ટર વિસ્તારમાં ટેનામેન્ટના સ્થાને એપાર્ટમેન્ટ બની રહ્યાં છે.



ગાંધીનગરનું મહાત્મા મંદિર એ શહેરનું પ્રાઈમ લોકેશન બન્યું છે. આ મંદિરની નજીક રેલ્વેસ્ટેશનને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવામાં આવી રહ્યું છે. એ સાથે રેલ્વેટ્રેક પર બિલીપત્ર આકારની ફાઈવસ્ટાર હોટલ બનાવવામાં આવી રહી છે. એટલું જ નહીં રેલ્વે મંત્રાલયે છ સ્ક્રીન ધરાવતા મલ્ટીપ્લેક્સ અને શોપિંગ સેન્ટરની પણ મંજૂરી મેળવી છે. રેલવે સ્ટેશનથી સચિવાલય સુધીનો સેન્ટ્રલ વિસ્ટા સાથે જોડાયેલો આ વિસ્તાર ગાંધીનગરનું પિકનિક પોઈન્ટ બની ચૂક્યો છે.

અત્યાર સુધી શહેરનું સેક્ટર-૨૧ પ્રાઈમ લોકેશન હતું પરંતુ હવે મહાત્મા મંદિરનો વિસ્તાર પ્રાઈમ લોકેશન બની ગયો છે. આ વિસ્તારમાં જમીન તો નથી પરંતુ રાહત દરના મકાનોના ભાવ આસમાને પહોંચી ગયા છે. મહાત્મા મંદિર પહેલાં આ વિસ્તાર પછાત હતો. જૂના ખખડધડ રેલ્વેસ્ટેશનમાં પાંચ દસ પ્રવાસીઓ આવતા હતા. આજે આ વિસ્તાર ટુરિસ્ટ ડેસ્ટીનેશન બન્યું છે. ૯૦ મીટરના રાહતદરના મકાનો જે મહાત્મા મંદિર પહેલાં ૧૦ લાખમાં વેચાતા હતા તેની કિંમત હવે એક કરોડ ઉપર પહોંચી ચૂકી છે. અહીં વસવાટ કરનારને ટુરિસ્ટ ડેસ્ટીનેશન ઉપરાંત મંદિરથી વિધાનસભા સુધીની વિસ્ટાનો વિશેષ લાભ મળે છે.

ગાંધીનગરનું બીજું લોકેશન સરગાસણ, કુડાસણ, ધોળેશ્વર મહાદેવ, રાયસણ અને કોબા વિસ્તાર છે. અમદાવાદ ઉપરાંત વિવિધ રાજ્યોના ડેવલપર્સની સ્કીમોના કારણે ગાંધીનગર શહેર કરતાં વધુ વસતી આ વિસ્તારોમાં

● અનુસંધાન પાન-૭ પર

# ઉવારસદ ઓવરબ્રિજનુ પણ નવા વર્ષના પ્રારંભે લોકાર્પણ કરાશે

## ઘ-૦ અને સરગાસણ ઓવરબ્રિજ પણ બે મહીનામાં તૈયાર થઇ જશે

ગાંધીનગર તા ૫

ચિલોડા સરખેજ માર્ગનુ કામ ગતિમાં છે. કોરોનાના કપરા કાળ દરમિયાન આ પ્રોજેકટની કામગીરી થોડી મંદ થઈ ગઈ હતી પરંતુ હાલ કામ ઝડપથી ચાલી રહ્યુ છે. ત્યારે એક બાદ એક ઓવરબ્રિજ પણ તૈયાર થઈ રહ્યા છે. સાણંદ અને પકવાન ચોકડી બાદ હવે ટુંકમાં ઉવારસદનો ઓવરબ્રિજ પણ તૈયાર થઈ જશે. આગામી જન્યુઆરી મહીનામાં આ ઓવરબ્રિજનુ લોકાર્પણ પણ કરી દેવાશે. ત્યારબાદ ઘ-૦ અને સરગાસણ ઓવરબ્રિજ પણ ફેબ્રુઆરી મહીના સુધીમાં તૈયાર થઈ જતા માર્ગ પર ટ્રાફિકની અવરજવર સરળ અને ઝડપી બનશે.

ચિલોડા સરખેજ માર્ગને હાલ સિકસલેન બનાવાની કામગીરી ચાલી રહી છે.જયારે માર્ગને અનુલક્ષી રૂટમાં આવતા ક્રોસ રસ્તાને ધ્યાનમાં રાખીને ઓવરબ્રિજનુ પણ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. થોડા દિવસો અગાઉ જ સાણંદ અને પકવાન પાસેના ઓવરબ્રિજનુ લોકાર્પણ પણ કરી દેવાયુ છે. જયારે હાલ અન્ય ઓવરબ્રિજની કામગીરી પણ ગતિમાં છે. સરગાસણ , ઘ-૦ અને ઉવારસદ ચોકડી પાસે પણ ઓવરબ્રિજના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે આગામી જાન્યુઆરી મહીનામાં ઉવારસદ પાસેના બ્રિજનુ પણ લોકાર્પણ કરી દેવાશે. જાન્યુઆરી મહીનાના પ્રથમ સપ્તાહમાં બ્રિજનુ લોકાર્પણ કરાય તેવી સંભાવના છે. જયારે આગામી મેં મહીના સુધીમાં સમગ્ર પ્રોજેકટનુ કામ પુર્ણ કરી દેવાનુ છે ત્યારે ઘ-૦ અને સરગાસણનો ઓવરબ્રિજ પણ ફેબ્રુઆરી અંત સુધીમાં તૈયાર થઈ જશે. જેથી આ માર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાશે. ટ્રાફિકથી ધમધમતા આ માર્ગ પર ક્રોસ રસ્તા પર ઓવરબ્રિજ બનતા વાહનોની અવરજવર સરળ અને સલામત બનશે જયારે વાહનવ્યવહાર પણ ઝડપી બનશે.

# ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષીને રૂટમાં સેફટી બેરિયર્સ લગાવાનુ કામ શરૂ

## માર્ગ સલામતીના પરિબળોને ધ્યાનમાં રાખી પ્રાણી કે વાહનો આડા આવતા અટકી શકે : હાલ જ માર્ગ પર કામ ચાલુ : સરખેજ સુધીના રૂટમાં બેરિયર્સ લાગશે



ગાંધીનગર તા ૫

ચિલોડા સરખેજ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. હાલ માર્ગમાં સિકસલેનનુ કામ પુર્ણ થઈ ગયુ હોય તેવા ઠેકાણે સેફટી બેરિયર્સ લગાવાની કામગીરી ચાલી રહી છે. નગરના જ માર્ગ પર પણ સેફટી બેરિયર્સ લગાવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેતી જ માર્ગ પર ટ્રાફિકની અવરજવર આગામી દિવસોમાં વધુ સલામત બનશે.

ચિલોડા સરખેજ હાઈવે માર્ગનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. આ પ્રોજેકટ અન્વયે રૂટમાં આવતા બાકી માર્ગને સિકસલેન બનાવવા સહીત ઓવરબ્રિજ બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે તબક્કાવાર આ કામમાં વધુ ગતિ આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# અમે સક્રિય રાજકારણમાં ભાગ નહી લઈએ : ફૈઝલ પટેલ

અમદાવાદ,તા.૫



ગુજરાત કોંગ્રેસ દ્વારા સ્વ. અહેમદ પટેલને શ્રદ્ધાંજલિ આપવા માટે પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતુ. અમદાવાદના શાહિબાગ વિસ્તાર આવેલ સરદાર પટેલ સ્મારક ખાતે પ્રાર્થના સભા યોજાઈ હતી. અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલ સહિત કોંગ્રેસ નેતા હાજર રહ્યા હતા. પ્રદેશ કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષ નેતા પરેશ ધાનાણી, પૂર્વ સીએમ શંકરસિંહ વાઘેલા સહિત નેતા, ધારાસભ્ય અને કાર્યકર્તા ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલનું નિવેદન આપતા કહ્યું હતુ કે 'હું કોંગ્રેસના નેતા અને ગુજરાત લોકોનો આભારી છુ કે આ સમયમાં લોકોનો અને સાથ સહકાર મળ્યો છે .

# શ્રમિકોની અછતને પગલે રવિ સીઝનની વાવણી ધીમી પડી

## કપાસની આવક વધતાં ખેડૂતોને સોમવારે નવી આવક સાથે આવવા માણસા માર્કેટયાર્ડે અપીલ કરી : બટાટાનું વિક્રમી વાવેતર, તમાકુ-ચણાના વાવેતર વિસ્તારમાં વધારો દેખાયો : ૩૧મી ડિસેમ્બર સુધી વાવણી ચાલશે તેવુ ખેડૂતોનું કહેવુ છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં કૃષિક્ષેત્રમાં મજૂરોની સમસ્યાને કારણે રવિ સીઝનની વાવણીમાં ખાસ કરીને ઘઉંનું વાવેતર ૩૧ ડિસેમ્બર સુધી લંબાશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર સામાન્યતઃ ૧૫મી ડિસેમ્બર સુધી થતુ રહે છે પરંતુ આ વખતે મજૂરોની સમસ્યા ખેડૂતોને સતાવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે માણસા માર્કેટયાર્ડમાં કપાસની આવક એટલી થઈ હતી કે ખેડૂતોને સોમવારે નવી આવક સાથે આવવા જણાવવુ પડ્યુ હતુ. ખેડૂતો દ્વારા હાલ ખેતરોમાં જ કપાસનો પાક છે તેને લઈ ખાલી કરી વરાપ સાથે તૈયાર કરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં ખરીફ પાકનું વાવેતર આમ તો ૫૦ હજાર હેક્ટરને પાર કરી ગયુ છે. સામાન્યતઃ રવિ સીઝન દરમ્યાન ૭૦ થી ૭૨ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાતુ હોય છે. બટાટાના ભાવ અને તમાકુના ભાવ સારા હોવાથી જિલ્લામાં બટાટાનું વાવેતર તો વિક્રમ સપાટીએ પહોંચ્યુ છે. ઘઉંનું વાવેતર હજુ ધીમી ચાલી રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાન્યુ. સુધીમાં જાહેર થઈ શકે

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગી ગયા : ૬ મહાનગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૫૫ નગરપાલિકા માટેની ચૂંટણીઓ યોજાશે

ગાંધીનગર,તા.૫

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગી ગયા છે. રાજ્ય ચૂંટણી પંચ ૬ મહાનગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૫૫ નગરપાલિકાની ચૂંટણીઓની જાહેરાત જાન્યુઆરી માસના અંત સુધીમાં કરે તેવી શક્યતાઓ લાગી રહી છે. કોંગ્રેસ અને ભાજપ એમ બન્ને પક્ષોએ ચૂંટણીઓ માટેની કવાયત તેજ કરી છે. રાજયમાં પેટાચૂંટણી બાદ ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષોએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓનો પ્રારંભ કરી દીધો છે. રાજયમાં આગામી દિવસોમાં ૬ મહાનગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૫૫ નગરપાલિકા માટેની ચૂંટણીઓ યોજાશે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોએ સ્થાનિક કક્ષાએ તૈયારીઓ માટે સૂચના આપી દીધી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંગે વાત કરતા રાજકીય વિશ્લેષક સતીશ મોરીએ જણાવ્યું હતું કે ખાસ કરીને વર્ષે ૨૦૧૫માં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં અને ત્યારબાદ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને રાજ્યમાં ચાલી રહેલા જુદા જુદા આંદોલનોની અસર થઈ હતી. આ વર્ષે ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપને આરોગ્ય અને સ્થાનિક પ્રશ્નોના જુદા જુદા મુદ્દાઓનો સામનો કરવો પડે તેમ લાગી રહ્યું છે. આ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ૬ મહાનગરપાલિકાની ચૂંટણીઓ પણ થવાની છે. આ ૬ મહાનગરપાલિકાની મુદત આગામી ૧૩ ડિસેમ્બર સુધી પૂર્ણ થવાની છે. ભાજપ દ્વારા ૬ મહાનગરપાલિકા માટે કામગીરી કરાઈ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં વર્તમાન જનપ્રતિનિધિઓ પાસેથી ૫ વર્ષ ની કામગીરીનો રિપોર્ટ માંગવામાં આવ્યો છે. નવા સીમાંકન બાદ જાતિગત સમીકરણ આધારે વોર્ડની પરિસ્થિતિ પર વોર્ડ પ્રમુખો પાસે પણ રિપોર્ટ માંગવામાં આવ્યો છે. આગામી સપ્તાહથી

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ઉપર પણ બેઠકોના દોરનો પ્રારંભ થઈ જશે. આમ પણ શહેરી મતદાર હંમેશા ભાજપ સાથે રહ્યો છે. પરંતુ વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં અમદાવાદ અને રાજકોટ જેવા શહેરોમાં કોંગ્રેસનો જનાધાર વધ્યો હતો. ત્યારે આ શહેરોમાં ચોકસ રણનીતિ સાથે ભાજપ મેદાનમાં ઉતરે તેવું લાગી રહ્યું છે. રાજ્ય ચૂંટણી કમિશનરે પણ ૬ મહાનગરપાલિકાના કલેકટરને પત્ર લખી વર્તમાન પરિસ્થિતિ અંગે ચિતાર માગ્યો છે.

# શહેર-જિલ્લામાં નવા ૫૬ કેસ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૫૬ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતાર થતો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. જિલ્લામાં આ સાથે કોરોનાના દર્દીઓની સંખ્યા ૬૯૮૭ પર પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસોની સંખ્યા વધતી જોવા મળી રહી છે. જો કે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૦ અને ગાંધીનગર શહેરમાં આજે વધુ ૨૬ કેસ નોંધાયા છે. મહિલાઓ અને મોટીવયના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં હોમ આઈસોલેશનમાં રહી સારવાર મેળવનાર દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની કામગીરી વધવા પામી છે.

જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે જે ૩૦ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરના ૧૩, દહેગામમાં ૮ કેસ, માણસામાં બે કેસ અને કલોલમાં સાત કેસ નોંધાયા છે. જિલ્લામાં આજે ૧૦ મહિલા દર્દીઓને કોરોના પોઝીટીવ જણાયો છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં પણ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

## શહેરમાં ૨૫૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ અને શહેરમાં ૨૬ કેસ નોંધાયા

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી બે, પેથાપુરમાંથી બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત ઉવારસદ ગામેથી ૩ કેસ મળી આવ્યા છે.

તાલુકાના જામનગરપુરા, દોલારાણા વાસણા, સાદરા, ભાટ, રાંદેસણ, ઝુંડાલ ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકાના વાસણા સોગઠી, કડાદરા, અમરાજીના મુવાડા, હરખજીના મુવાડા, પાસુન્દ્રા, સાણોદા ગામોમાંથી કેસો મળી આવેલ છે. આ ઉપરાંત દહેગામ અર્બનમાંથી પણ બે કેસ આજે મળી આવ્યા છે.

માણસા તાલુકામાં બે કેસ નોંધાયા છે. બન્ને કેસ ગ્રામ્ય વિસ્તાર લોદરા અને પ્રતાપનગર ગામે નોંધાયા છે.

કલોલ તાલુકાના જાસપુર ગામેથી એક કેસ, સઈજ ગામેથી બે કેસ મળી આવેલ છે. આ ઉપરાંત કલોલ અર્બન-૧માંથી એક કેસ તેમજ કલોલ અર્બન-૨ વિસ્તારમાં ૩ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૦૬૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૭૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૩,૪૬૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ છેલ્લા બે દિવસથી કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. આજે સતત બીજે દિવસે પણ નવા કોરોનાના ૨૬ કેસ મળી આવેલ છે.

શહેરમાં રોકેટ ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૩ મહિલા દર્દી નોંધાઈ છે. મોટીવયના દર્દીઓ પણ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે અને લગ્નસરાની મોસમ પણ ચાલી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે ૨૬ કેસ નોંધાયા છે તેમાં સે. ૮ માં ૩ કેસ તેમજ સે. ૨૪ માં, સે. ૪ માં, સે. ૧૩ માં, સે. ૨૬ માં, સે. ૫ માં, જીઈબીમાં, સે. ૬ માં અને સે. ૨ માં બે-બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૨૮, ૨૧, ૧૨, ૧૭, ૨૨, ૨૯ અને ૨૭ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને સિવિલ હોસ્પિટલમાં તેમજ બે દર્દીને કોવિડ કેર સેન્ટરમાં સારવાર માટે દાખલ કરાયા છે. બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે પંજાબ નેશનલ બેંકના અધિકારી, સિવિલની સ્ટાફ નર્સ, ખાનગી કંપનીના સિનીયર અધિકારી સહિતના લોકો કોરોનાની ઝપટે ચડ્યા છે.

શહેરમાં કોરોનાના અત્યાર સુધીમાં ૨૭૪૦ કેસ નોંધાયા છે. જેમાંથી હાલ ૨૯૦ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ સારો છે. શહેરમાં અત્યાર સુધીમાં ૨૩૬૧ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે વધુ ૨૯ લોકોને ડિસ્ચાર્જ અપાયુ છે.

શહેરમાં હાલ ૨૫૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે જે કોવિડની આ મહામારીમાં વિક્રમ સમાન છે. જો કે હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનો રિકવરી રેટ સારો હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.


કપોળ મરણ



અમારા પિતાશ્રી
નટવરલાલ શીવલાલ શાહ
(કસ્બારા-હાલ ગાંધીનગર) તા.૦૪/૧૨/૨૦૨૦ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તા.૦૭/૧૨/૨૦૨૦ને સોમવાર સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી રાખેલ છે.
બેસણું ત્થા લૌકિકક્રિયા રાખેલ નથી
વિનયકુમાર નટવરલાલ શાહ (પુત્ર) - ૯૯૭૪૩૩૯૭૨૬
જોગીનકુમાર નટવરલાલ શાહ (પુત્ર) - ૮૭૮૦૧૩૨૫૯૭
રાહુલ વિનયકુમાર શાહ (પૌત્ર)
નાનાલાલ શીવલાલ મહેતા — ઠાકોરલાલ શીવલાલ શાહ
રતિલાલ શીવલાલ શાહ — મનસુખલાલ શીવલાલ શાહ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com